અપીલ અરજી નં.૨૮૯ તા.૪–૧૨–૦૯/૧૦

અરજદારઃ– શ્રી સોલંકી ધનસુખભાઈ કનૈયાલાલ
સામાવાળાઃ–શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી સોલંકી ધનસુખભાઈ કનૈયાલાલની તા. ૩–૧૧–૦૯ ની અરજીથી સેન્ટ્રલઝોનના નોંધ નં.૫૦૧૯ –બી, ટેના નં.૦૨ડી–૯૧–૦૯૦૮ –૦ –૦૦૩ થી નોંધાયેલ પાછળનો ભાગ સીઓપીની ખુલ્લી જમીનનો હોય જેમાં પાકુ બાંધકામ તે પાકા બાંધકામની આકારણી વેરાબીલ નામસહિતની માહિતીની પાકા બાંધકામ સેન્ટ્રલઝોન ધ્વારા મંજુરી આપેલ હોય તેની નામ સહિત રજાચિઠ્ઠની નકલ સહિતની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૪–૧૨–૦૯ ની અપીલ અરજી નં.૨૮૯/૨૦૦૯–૧૦

શ્રી સોલંકી ધનસુખભાઈ કનૈયાલાલની તા. ૩–૧૧–૦૯ ની અરજીથી સેન્ટ્રલઝોનના નોંધ નં.૫૦૧૯ –બી, ટેના નં.૦૨ડી–૯૧–૦૯૦૮ –૦–૦૦૩ થી નોંધાયેલ પાછળનો ભાગ સીઓપીની ખુલ્લી જમીનનો હોય જેમાં પાકુ બાંધકામ તે પાકા બાંધકામની આકારણી વેરાબીલ નામસહિતની માહિતીની પાકા બાંધકામ સેન્ટ્રલઝોન ધ્વારા મંજુરી આપેલ હોય તેની નામ સહિત રજાચિઠ્ઠની નકલ સહિતની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં કોઈ પ્રત્તુતર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૪–૧૨–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૧૦૦૭ તા.૧૪–૧૨–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ માહિતી મળેલ નથી.

અરજદારની તા.૩–૧૧–૦૯ ની અરજીથી ઉપરોકત વિષય અને સંદર્ભે જણાવ્યા અનુસાર માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને પૂરી પાડવામાં આવેલ જણાતી નથી તથા તે અંગે આરટીઆઈ કાયદાની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ ઈન્કારનું કોઈ કારણ જણાવેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩–૧૧–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પૂરી પાડવા શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨ – ૦૯

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

**પ્રતિ**

(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી સોલંકી ધનસુખભાઈ કનૈયાલાલ,